# કાયદો-વ્યવસ્થા ખોરવાનારા સામે કાર્યવાહી થશે : રૂપાણી

## ખેડૂતોના બંધના એલાનને પગલે સરકાર એક્શનમાં : ખેડૂતોના નામે કોંગ્રેસ સહિતના વિપક્ષોએ આંદોલન કરી પોતાનું અસ્તિત્વ દેખાડવા માટે બંધમાં જોડાયાનો આક્ષેપ

ગાંધીનગર, તા.૭

કૃષિ કાયદાને લઈને સરકાર અને ખેડુતો વચ્ચે ગતિરોધ યથાવત છે. આ દરમિયાન ખેડૂત નેતાઓએ ૮ ડિસેમ્બરે આખું ભારત બંધ નું એલાન આપ્યું છે ત્યારે ગુજરાત કોંગ્રેસે પણ ખેડૂતોના સમર્થનમાં આખા ગુજરાતમાં કોંગી નેતાઓથી લઈ કાર્યકરોની અપીલ કરી છે કે, ગુજરાતમાં ખેડૂતોનું આંદોલન અંજામ સુધી પહોંચાડવાનું છે.



દિલ્હીમાં ખેડૂત આંદોલનનો આજે ૧૨મો દિવસ છે. ખેડૂત સંગઠનોએ આવતીકાલે ભારત બંધનું એલાન પણ કર્યું છે. ત્યારે આ મુદ્દાઓ પર ગુજરાતના મુખ્યમંત્રી રૂપાણી નિવેદન આપ્યું હતું. આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને કહ્યું હતું કે, ખરેખરમાં આ આંદોલનમાં ખેડૂતોનું માત્ર નામ છે બાકી રાજકીય રીતે સમગ્ર આંદોલન ચાલી રહ્યું છે. આવતીકાલે ગુજરાતમાં બધુ ચાલુ રહેશે, બંધના નામે કાયદો અને વ્યવસ્થા બગાડનાર સામે કાયદાકીય પગલા લેવામાં આવશે.

રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, આવતીકાલે ગુજરાત ચાલુ રહેશે, બંધમાં કાયદો તોડશે તો કાર્યવાહી થશે. આ દરમિયાન સીએમ રૂપાણીએ બંધને લઈ વિપક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે, ખેડૂતોના નામે કોંગ્રેસ સહિતના વિપક્ષોએ આંદોલન કરી રહ્યા છે. તેઓ પોતાનું અસ્તિત્વ દેખાડવા બંધમાં જોડાયા છે. રાજકીય પાર્ટીને આંદોલનમાં ન જોડવા ખેડૂતોએ કહ્યું હતું. કોંગ્રેસનું તો અસ્તિત્વ જ પુરુ થઈ ગયું છે. પ્રજા સાથેનો સંપર્ક કોંગ્રેસે ગુમાવ્યો છે કોંગ્રેસ ખેડૂતોને ભડકાવે છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે, મોદી સરકાર સામે દેખાડો કરવા માટે અને ખેડૂતોને ભડકાવવા માટે આ પ્રકારનું આંદોલન કરવામાં આવી રહ્યું છે. મોદી સરકારે સ્જીઁના આધારે ખરીદી કરી છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૩૮૦ કેસ

## રાજ્યમાં કોરોનાથી કુલ ૧૪ લોકોનાં મૃત્યુ થયા : અત્યાર સુધીમાં કુલ ૮૩૧૦૫૫૮ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૨૦૧૫૮૦ દર્દીઓ સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૭

ગુજરાતમાં હવે ધીરે-ધીરે કોરોના વાયરસના નવા કેસોમાં ઘટાડો નોંધાયો છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૧૩૮૦ કેસ નોંધાયા છે અને આ સાથે અત્યાર સુધીમાં નોંધાયેલા કોરોના વાયરસના કુલ કેસનો આંકડો ૨૨૦૧૬૮ પર પહોંચ્યો છે. જ્યારે બીજી બાજુ છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના ૧૫૬૮ દર્દીઓ સાજા થઈને પરત ફર્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કારણે વધુ ૧૪ દર્દીઓના મોત થતાં કુલ મૃત્યુઆંક ૪૦૯૫ થયો છે. જ્યારે ગુજરાતમાં અત્યાર સુધીમાં ૨૦૧૫૮૦ દર્દીઓ સાજા થયા છે. ભારતમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૯,૬૭૭,૨૦૩ કેસ નોંધાયા છે અને ૧૪૦,૫૭૩ દર્દીઓના મોત થયા છે. જ્યારે બીજી બાજુ ૯,૧૩૯,૯૦૧ દર્દીઓ અત્યાર સુધીમાં કોરોના વાયરસને હરાવીને પરત ફર્યા છે.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૧.૫૬ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૬૮૮૬૮ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૧૦૫૯.૫૧ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૮૩,૧૦,૫૫૮ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૪૨,૦૨૫ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૪૧,૮૭૭ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૧૪૮વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૪,૪૯૩ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૮૧ છે. જ્યારે ૧૪,૪૧૨ લોકો સ્ટેબલ છે. ૨૦,૧૫,૮૦ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

અત્યાર સુધીમાં કુલ ૪૦૯૫ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૧૪ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૯, સુરત કોર્પોરેશન ૩, અમરેલી ૧, બોટાદમાં ૧, રાજકોટ કોર્પોરેશન ૧, રાજકોટ કોર્પોરેશનન ૧ વ્યક્તિ સહિત કુલ ૧૪ દદીનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

# ગુજરાત કોંગ્રેસ આજે તમામ એપીએમસી બંધ કરાવશે

## કડીમાં કિસાનોએ બંધની જાહેરાત કરી છે, કોંગ્રેસ સહિત ૨૨ જેટલી પાર્ટીએ કિસાનોના બંધને સમર્થન આપ્યું છે

અમદાવાદ,તા.૭

દિલ્હીમાં કૃષિ કાયદાના વિરોધમાં કિસાનો છેલ્લા ૧૧ દિવસથી વિરોધ પ્રદર્શન કરી રહ્યાં છે. આ કડીમાં કિસાનોએ ૮ ડિસેમ્બરે ભારત બંધની જાહેરાત કરી છે. કોંગ્રેસ સહિત ૨૨ જેટલી રાજકીય પાર્ટીઓએ કિસાનોના ભારત બંધને સમર્થન આપ્યું છે. તો ગુજરાતમાં પણ ઘણા માર્કેટિંગ યાર્ડ, વેપારી એસોસિએશન, કોળી સમાજ સહિતે આ બંધને સમર્થન આપ્યું છે. તો ભારત બંધને લઈને ગુજરાત કોંગ્રેસે પણ પોતાની રણનીતિ બનાવી છે. ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ અમિત ચાવડાએ કોંગ્રેસના નેતાઓને આવતીકાલે દરેક જિલ્લામાં એપીએમસી બંધ કરાવવાની સૂચના આપી છે. કોંગ્રેસે કિસાનોના બંધને સંપૂર્ણ સમર્થન આપ્યું છે. હવે ગુજરાત કોંગ્રેસ પણ બંધને સફળ બનાવવા માટે સક્રિય થઈ ગઈ છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ દરેક ધારાસભ્યોને પોતાના વિસ્તારનું એપીએમસી બંધ કરાવવા સૂચના આપી છે. અમિત ચાવડાએ કોંગ્રેસના ધારાસભ્યોને પોતાના જિલ્લામાં કિસાનોના સમર્થનમાં એપીએમસી બંધ કરાવવાની સૂચના આપી છે. આ સાથે તેમણે કહ્યું કે, કોંગ્રેસના ધારાસભ્યો કે કાર્યકરો ઘર્ષણમાં ન ઉતરે. અમિત ચાવડાએ કોઈ સાથે સંઘર્ષ ન કરવાની કડક શબ્દોમાં સૂચના આપી છે. તેમણે નેતાઓને કહ્યું કે, ખેડૂતો અને વેપારીઓને સમજાવીને બંધમાં સહકાર માગવાનું કહ્યું છે. તેમણે કોંગ્રેસ નેતાઓને ખેડૂતોને સાથે રાખી બંધ કરાવવા જવાનું પણ કહ્યું છે. કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાને રદ કરવા માટે દિલ્હીની સરહદો પર છેલ્લા ૧૧ દિવસથી પ્રદર્શન કરી રહેલા કિસાનોએ આવતીકાલે એટલે કે ૮ ડિસેમ્બરે ભારત બંધની જાહેરાત કરી છે. તો ગોંડલ અને રાજકોટ માર્કેટિંગ યાર્ડ દ્વારા ખેડૂતોના ભારત બંધને ટેકો આપવામાં આવ્યો છે. આવતીકાલે બંન્ને માર્કેટિંગ યાર્ડ બંધ રહેશે. યાર્ડના દલાલ મંડળ દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે.

# બીજો હુકમ ન થાય ત્યાં સુધી રાત્રિ કર્ફ્યુને ચાલુ રખાશે

## અમદાવાદના પોલીસ કમિશનર જાહેરનામું બહાર પાડ્યું, ક્રિસમસની ઉજવણીને અનુલક્ષીને નિર્ણય લેવાયો

અમદાવાદ, તા.૭

દિવાળીના તહેવારો બાદ અમદાવાદ સહિત ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ વધ્યુ છે જેના કારણે રાજ્ય સરકારે વિકેન્ડ કર્ફ્યુ લાદવો પડયો હતો. આ ઉપરાંત અમદાવાદ સહિતના ત્રણ મહાનગરોમાં રાત્રી કરફયુ પણ અમલી બનાવાયો છે. સોમવારે રાત્રી કર્ફ્યુની મુદત પૂર્ણ થઈ છે ત્યારે રાજ્ય સરકારે તમામ ચાર શહેરોમાં લાદવામાં આવેલો રાત્રિ કરફયુ ચાલુ રાખ્યો છે. આ અંગે રાજ્યના પોલીસ વડા આશિષ ભાટીયાએ આજે જાહેરાત કરી હતી. અગાઉ અમદાવાદના પોલીસ કમિશનરે બીજો હુકમ ન થાય ત્યાં સુધી રાત્રી કર્ફ્યુનો અમલ ચાલુ રાખવા માટેનું જાહેરનામું રવિવારે મોડી રાત્રે જ બહાર પાડી દીધું હતું. અમદાવાદમાં દિવાળી બાદ કોરોનાના કેસોમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો. વધતાં કેસોને પગલે રાજ્ય સરકારે અમદાવાદ, રાજકોટ ,સુરત અને વડોદરામાં રાત્રે ૯ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી કર્ફ્યુ લાદ્યો છે.

# ખેડૂતોના આજના બંધને રાજ્યના ૧૭ સંગઠનનો ટેકો

## રાજ્યમાં પણ ખેડૂતો દ્વારા બંધની અસરની સંભાવના જોતા પોલીસ અને ઈન્ટેલિજન્સ સ્ટાફ એક્ટિવ થઈ ગયો

અમદાવાદ, તા.૭

કૃષિ કાયદાની સામે ચાલી રહેલા ખેડૂતોના આંદોલનમાં હવે રાજકારણ પણ ગરમાઈ રહ્યું છે. ખેડૂતોના સાથ આપવા માટે સેલિબ્રિટીથી લઈને રાજકીય નેતાઓ અને વિવિધ સંગઠનો પણ જોડાઈ રહ્યા છે. આવામાં આવતીકાલે ભારત બંધનું એલાન કરવામાં આવ્યું છે. સ્થાનિક મીડિયા રિપોર્ટ્સ મુજબ ગુજરાતના ૧૭ ખેડૂત સંગઠનોએ પણ ટેકો જાહેર કર્યો છે, એટલે કે આવતીકાલે ગુજરાતમાં પણ બંધની અસર જોવા મળી શકે છે. બીજી તરફ પોલીસ અને ઈન્ટેલિજન્સ સ્ટાફ પણ એક્ટિવ થઈ ગયો હોવાની ચર્ચા છે. આવતીકાલે ખેડૂતો દ્વારા આખા ભારતમાં બંધના એલાનની જાહેરાત કરવામાં આવી છે. આવામાં હાઈવે પર ચક્કાજામ કરવાનો અને દેખાવો કરવાના વિવિધ આયોજન કરવામાં આવ્યા છે. જેની અસર ગુજરાતમાં પણ જોવા મળશે. આ સાથે કોંગ્રેસ અને અન્ય વિરોધી પક્ષો દ્વારા પણ બંધને સમર્થન આપવામાં આવ્યું છે, જેની અસર પણ ગુજરાતમાં જોવા મળી શકે છે.

એક તરફ ગુજરાતમાં દિવાળી બાદ કોરોનાના વકર્યા બાદ રાજ્યની આર્થિક રાજધાની અમદાવાદ સહિત સુરત, રાજકોટ અને વડોદરામાં રાત્રિ કર્ફ્યૂ લાદવામાં આવ્યો છે. જો આવામાં દિલ્હીની જેમ ગુજરાતમાં ખેડૂતો પોતાનો જુસ્સો બતાવે તો સ્થિતિ ફરી વણસી શકે છે અને રુપાણી સરકારની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે. આવામાં ખેડૂતોના બંધના એલાનને ધ્યાનમાં રાખીને પોલીસ સહિત રાજ્યની મહત્વની એજન્સીઓને સતર્ક રહેવા માટે સૂચના આપવામાં આવી હોવાની ચર્ચાઓ શરુ ગઈ છે.

## રણ ઉત્સવની સંચાલક કંપની

# લાલુજી એન્ડ સન્સ દ્વારા કુંભ મેળામાં ૧૦૯ કરોડનું કૌભાંડ

## યુપી સરકાર દ્વારા બ્લેક લીસ્ટ કરવામાં આવી

અમદાવાદ સ્થિત લાલુજી એન્ડ સન્સ નામની ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની ઉપર યુપી સરકારે પ્રતિબંધ મુકીને પાંચ વર્ષ માટે બ્લેક લીસ્ટ કરી છે.

પ્રયાગરાજ ખાતે યોજાયેલ કુંભ મેળામાં ટેન્ટ બાંધવાના કામમાં લાલુજી એન્ડ સન્સ કંપની પર ૧૦૯ કરોડના ખોટા બીલો મુકીને સરકારી પૈસાની ઉચાપત કરવાનો આરોપ મુકવામાં આવ્યો છે. આ અંગે યુપી સરકાર દ્વારા લાલુજી એન્ડ સન્સના ભાગીદારો ઉપર પોલીસ કેસ કરાયો છે.

કંપનીના ભાગીદારો ઉપર છેતરપીંડી તથા ખોટા દસ્તાવેજો ઉભા કરવા બદલ આઈપીસીની કલમ ૪૧૯, ૪૨૦, ૪૦૯, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦બી અંતર્ગત આરોપ મુકવામાં આવ્યા છે. અત્રે જણાવવું જરૂરી છે કે લાલુજી એન્ડ સન્સને ગુજરાત સરકાર દ્વારા અમદાવાદ ખાતે ગુજરાત યુનિવર્સિટી કન્વેન્સન સેન્ટર, કચ્છમાં રણ ઉત્સવ તથા કેવડીયા ખાતે ટેન્ટ સીટી જેવા પ્રોજેક્ટ આપવામાં આવ્યા છે. આ ઉપરાંત લાલુજી એન્ડ સન્સ દ્વારા નવરાત્રી, પતંગ મહોત્સવ, રણ ઉત્સવ, બીચ ફેસ્ટીવલ તથા ગુજરાત ટુરિઝન દ્વારા આયોજીત વિવિધ મેળા-ઉત્સવોનું કામ કરે છે. જેમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોવાની વાત વહેતી થઈ છે અને સરકારમાં ઉચ્ચકક્ષાએ લાલુજી એન્ડ સન્સને આપવામાં આવેલ આ તમામ કોન્ટ્રાક્ટની તપાસ થાય તો ખૂબ મોટુ કૌભાંડ બહાર આવે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

### બ્લેક લિસ્ટેડ કંપનીની ટેન્ટ સીટીમાં પ્રધાનમંત્રી રોકાશે ખરા..!

આગામી ૧૫મી તારીખે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુજરાત આવી રહ્યા છે. કચ્છ ખાતે તેઓ વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટસનું ઉદ્‌ઘાટન કરશે. તેઓ ધોરડો ખાતે ટેન્ટ સીટીમાં રોકાણ કરશે. પ્રધાનમંત્રી જ્યાં રોકાવવાના છે તે ટેન્ટ સીટીનું સંચાલન આ લાલુજી એન્ડ સન્સ દ્વારા જ કરવામાં આવે છે. બ્લેક લીસ્ટેડ થયેલી કંપની દ્વારા સંચાલિત ટેન્ટ સીટીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું રાત્રી રોકાણ કરવુ ચર્ચા જગાવી રહ્યુ છે.

# સાબરકાંઠામાં કોરોનાના વધુ ૧૪ કેસ

## જિલ્લામાં કોરોના પોઝેટીવનો કુલ આંક ૧૬૫૪ થયો

હિંમતનગર, તા.૪

સાબરકાંઠા જિલ્લામાં સોમવારે કોરોના પોઝેટીવના વધુ ૧૪ કેસ નોધાયા છે. જેને લઈને કુલ આંકડો ૧૦૫૪ થઈ ગયો છે જોકે તે પેકી ૧૪૭૩ લોકો સાજા થયા છે એટલે હાલ જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા ૧૬૯ થવા જાય છે.

આ અંગે આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ સોમવારે જે નવા ૧૪ કેસ નોધાયા છે તેમાં હિંમતનગર શહેર અને તાલુકામાં સાત કેસ છે. જે પૈકી મહાવીરનગરમાં ૪૧ વર્ષિય પુરૂષ, કર્ણાવતી સોસાયટીમાં ૫૧ વર્ષિય પુરૂષ, મહાકાલી મંદિર પાસે ૨૯ વર્ષિય પુરૂષ, શારદાકુંજ સોસાયટીમાં ૬૨ વર્ષિય મહિલા તથા તાલુકાના કરણપુર ગામમાં ૨૦ વર્ષિય પુરૂષ, ગાંભોઈમાં ૨૯ વર્ષિય પુરૂષ અને ખેડ ગામમાં રહેતા ૩૫ વર્ષિય મહિલાને કોરોના થયો છે.

તેજ પ્રમાણે ઈડરના રામપુરનવા ગામના ૩૦ વર્ષિય પુરૂષ, ખેડબ્રહ્મા તાલુકાના કલોલ ગામના ૫૧ વર્ષિય પુરૂષ તથા ખેડબહ્માની ગાયત્રી સોસાયટીમાં ૬૦ વર્ષિય મહિલા, વિજયનગરમાં ૪૦ વર્ષિય પુરૂષ અને ૩૫ વર્ષિય પુરૂષ, પ્રાંતિજના ભગતવાસમાં ૫૪ વર્ષિય પુરૂષ ઉપરાંત તલોદ તાલુકાના રાયણીયા ગામના ૪૨ વર્ષિય મહિલા, વાવ ગામમાં ૨૫ વર્ષિય પુરૂષ, રામપુર ગામમાં ૪૦ વર્ષિય પુરૂષ અને તલોદની ગીરીરાજ સોસાયટીમાં રહેતા ૪૪ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે.

## દિલ્હીમાં ખેડૂત આંદોલનને સમર્થન આપતી આમ આદમી પાર્ટી

# પાલનપુરમાં ભાજપ કાર્યાલયનો ઘેરાવ કરવા જતાં 'આપ'ના કાર્યકરોની અટકાયત

પાલનપુર

દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલન ને સમર્થન આપતા પાલનપુરમાં આમ આદમી પાર્ટીના કાર્યકરો ભાજપ કાર્યાલયનો ઘેરાવ કરવા જતાં પોલીસે અટકાયત કરતા વાતાવરણ ઉત્તેજના સભર બન્યું હતું.



કેન્દ્રની ભાજપ સરકારના ખેડૂત વિરોધી કાળા કાયદા સામે દિલ્હીમાં ખેડૂતો આંદોલન કરી રહ્યા છે. જેને ટેકો આપતા બનાસકાંઠા આમ આદમી પાર્ટી દ્વારા પાલનપુર ખાતે જિલ્લા ભાજપ કાર્યાલયનો ઘેરાવ કરવા જતા આપના કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી. પાલનપુર સ્થિત કલેકટર કચેરી બહાર એકઠા થયેલા આપ કાર્યકર્તાઓએ ભાજપ વિરોધી ઉગ્ર સૂત્રોચ્ચાર કરતા વાતાવરણ ઉત્તેજનસભર બન્યું હતું. એકઠા થયેલા આપના કાર્યકર્તાઓની અટકાયત કરતા પોલીસ અને કાર્યકર્તાઓ વચ્ચે થઈ ખેંચતાણ થતા અફરાતફરી મચી ગઈ હતી.

# બનાસકાંઠામાં કોરોનાના વધુ ૩૭ કેસ

સરહદી બનાસકાંઠા જિલ્લામાંજ દિપાવલીના તહેવારો ટાણે વકરેલો કોરોનાનો પ્રકોપ હજી સુધી જારી રહ્યો છે. ત્યારે સોમવારે કોરોનાના વધુ ૩૭ પોઝેટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૬૮૫ એ પહોંચી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં સોમવારે કોરોનાના વધુ ૩૭ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જેમાં જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં ૦૪, ડીસામાં ૦૩, વડગામ ૦૧, ધાનેરા ૦૧, દાંતીવાડા ૦૪, દિયોદર ૦૧, થરાદ ૦૨, ભાભર ૦૨, ગાંધી લિંકનમાં ૧૪, બનાસ મેડિકલમાં ૦૧ અને સંકલ્પમાં ૦૪ મળી કુલ ૩૭ કેસ નોંધાયા હતા.

### ભડકે બળે છે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પર પડે છે પરંતુ ઘરમાં વપરાતી ચીજો ઉપર પ્રિન્ટ થયેલી કિંમત જોવાનો કોઈને સમય નથી.

ગયા મહિને લાવેલી ટૂથપેસ્ટના ભાવ ૭૦ રૂપિયા હતા તે એક જ મહિનામાં વધીને ૮૫ રૂપિયા થાય છે છતાં કોઈનો વિરોધ નથી. આવી અનેક કિંમતો છે જેના ભાવમાં પ્રતિ માસ વધારો થતો રહે છે. આ પૂર્વ ધારાસભ્યએ કહ્યું હતું કે ૨૦૨૦ના કોવિડ સંક્રમણના કાળમાં સૌથી વધુ ભૂલાયેલો શબ્દ મોંઘવારી છે. લોકોને પણ હવે પડી નથી તેથી સરકાર તિજોરી ભરતી જાય છે.

### આયોજન નહી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બનાવવા માટે કાગળ પર આયોજન થઈ રહ્યુ છે. પરંતુ સ્થળ પર કોઈ કામગીરી થતી નથી. સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપિંગના બજારમાં રજાના દિવસે આમ પણ ભીડ જોવા મળે છે. ત્યારે વાહનો પાર્ક કરવાના મામલે સિનિયર સિટીઝન્સ તેમજ મહીલાઓ વિશેષ મુંઝવણમાં મુકાય છે. વાહન પાર્કીંગની સાંકડી જગ્યામાં પણ આજા ફસાજા જેવી સ્થિતિ થાય છે. બીજીતરફ શાકમાર્કેટના વિસ્તારમાં પણ આવી જ સ્થિતિ છે. શાકમાર્કેટ આસપાસ પણ માર્ગ વચાળે જ વાહનો ગોઠવાઈ જાય છે. પાર્કીંગની જગ્યાના અભાવે વાહનચાલકો પણ મજબુર છે. ત્યારે સાંકડા માર્ગ પર વાહનો ગોઠવાઈ જતા રાહદારીઓ માટે અવરજવર કરવી પણ મુશ્કેલ બને છે. સે-૨૧ ના શોપિંગને અનુલક્ષી અગાઉ નિર્માણ કરાયેલી પાર્કીંગ વ્યવસ્થા પણ એવી જગ્યાએ કરવામાં આવી છે જે મુલાકાતીઓના ધ્યાને પણ આવતી નથી જેના લીધે શોપિંગ બજારના ફરતે જ વાહનો ખડકાયેલા જોવા મળે છે. પાર્કીંગ વ્યવસ્થા નિયત કરાવવ માટે પણ કોઈ પહેરો જોવા મળતો નથી. જયારે આડેધડ વાહન પાર્કીંગના લીધે અનેકવાર નાના મોટા અકસ્માતો પણ સર્જાય છે. ત્યારે સેકટરમાં હજુ પણ પાર્કીંગના આયોજન અન્વયે બાકીનુ કામ પુર્ણ કરવામાં આવે તેવી માંગણી પણ ઉઠવા પામી છે. વેપારીઓ પણ તોબા પોકારી ગયા છે. આવા સંજોગોમાં સેકટરમાં પાર્કીંગ વ્યવસ્થાને યોગ્ય કરવા માટે ત્વરિત પગલા લેવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

### બંધ સોલાર લાઈટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યા છે. સોલાર લાઈટના પોલ્સમાં વારંવાર બેટરી સંબંધિત સમસ્યાઓ ઉદભવે છે. જયારે કેટલીક વાર બેટરી ચોરાઈ જતી હોવાના લીધે પણ થાંભલા બંધ હાલતમાં જોવા મળે છે. સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી સોલાર લાઈટના થાંભલા બિનઉપયોગી બન્યા છે. સેકટરોના કોમન પ્લોટમાં અજવાળુ પથરાતુ નથી સ્થાનિક નગર સેવકોએ આ પોલ્સ નાંખવાનુ કામ કરાવ્યા બાદ યોગ્ય જાળવણી ન થતા કોમન પ્લોટમાં અંધારુ છવાયેલુ છે. જયારે સેકટરોના બગીચાઓમાં પણ રાત્રિના સમયે આ પ્રકારની સોલાર લાઈટો ડુલ રહેતા બગીચામાં અંધારપટ્ટ છવાઈ જાય છે. સેકટરોમાં બંધ રહેતી સોલાર લાઈટ ચાલુ કરવા માટે ત્વરિત પગલા લેવાય તેવી રજુઆત પણ સ્થાનિકો કરી રહ્યા છે.

### એક્શન પ્લાન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી રહ્યો છે. ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ જે અન્ય વિભાગોમાં ફરજો બજાવે છે તેમની યાદી પણ અલગથી તૈયાર કરવામાં આવી રહી છે.

દરમ્યાન આજે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષપદે ડિસ્ટ્રીક્ટ ટાસ્ક ફોર્સ ફોર ઈમ્યુનીઝેશનની બેઠક મળવાની છે તેમાં પલ્સ પોલિયો અભિયાન ઉપરાંત કોરોના વેક્સીનેશનને લઈ પણ ચર્ચાઓ થશે તેમ જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા પંચાયત ખાતે હાલ તો વેક્સીનેશન માટેનો વેક્સીન સ્ટોર બનાવવાની બાબતને અગ્રતા આપવામાં આવી છે. આ માટેની ડિઝાઈન તૈયાર થઈ ગયા બાદ તેની મંજૂરી સહિતની કામગીરી હાથ ધરી દેવામાં આવશે.

### તાલમેલ નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં હાલ ૧૭૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જેમાં ૭૦ થુ વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૨,૨૪૮ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગ્રામીણ વિસ્તારમાં નોંધાયેલા ૩૦ કેસમાં ૧૫ મહિલા દર્દીઓ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જન-જાગૃતિ અભિયાન સઘન બનાવવા પર તંત્ર દ્વારા હાલ વિચારણા ચાલી રહી છે. ગ્રામીણ વિસ્તારમાં ટેસ્ટીંગનું પ્રમાણ પણ વધારવામાં આવ્યુ છે. જિલ્લામાં ૧ લાખ ૧૫ હજાર જેટલા લોકોના એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. છેલ્લા થોડા દિવસથી આર.ટી.પી.સી.આર. ટેસ્ટનું પ્રમાણ પણ વધારવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૨૫ કેસ નોંધાયા છે. શહેરમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેથી તંત્ર ચિંતીત બન્યુ છે. સંવેદનશીલ વિસ્તારોમાંથી સતત કેસો મળી રહ્યા છે એટલે હવે આક્રમક પગલાંની હિમાયત તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૮ મહિલા, ૭ મોટીવયના દર્દીઓ છે. આજે નોંધાયેલા કેસોમાંથી ૬ દર્દીને સારવાર માટે સિવિલમાં અને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આજે જે સંક્રમિત થયા છે તેમાં ફિઝીયોથેરોપીસ્ટ, એક શાળાના આચાર્ય, કોમ્પ્યુટર એન્જીનીયર, લેબર કોન્ટ્રાક્ટર વિગેરેનો સમાવેશ થાય છે. બે થી ૩ વિદ્યાર્થીઓ પણ સંક્રમિત થયા છે.

આજે જીઈબીમાંથી ૬, સે. ૨ માંથી ૪, સે. ૩ માંથી ૩, સે. ૨૨ અને સે. ૧૭ માંથી ૨-૨ કેસ નોંધાયા હોવા ઉપરાંત સે. ૪, ૧૨, ૧૩, ૨૩, ૨૫, ૨૪, ૨૭ અને સે. ૭ માંથી પણ કેસો મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૩૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૨૨૦થી વધુ દર્દીઓ હાલ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

### બંધનું એલાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હી બોર્ડર પર આંદોલન કરી રહેલા ખેડૂતોએ નવા કૃષિ કાયદાએને પરત ખેંચવાની માગને લઈને કર્યુ હતું. ખેડૂતોના આંદોલનને કોંગ્રેસ, રાકાંપા, દ્રુમક, સપા, ટીઆરએસ અને વામપંથી દળો જેવી મહત્વની રાજકીય પાર્ટીઓ સમર્થન આપી ચૂકી છે.

ખેડૂત સંગઠનો જાહેર કરવામાં આવેલા ભારત બંધને વિરોધ પક્ષોએ પણ સમર્થન આપ્યું છે. કૃષિ રાજ્ય મંત્રી કેલાશ ચૌધરીએ રવિવારે જણાવ્યું હતું કે કૃષિ કાયદાને પાછ ખેંચાશે નહીં. જોકે, તેમણે ઉમેર્યું હતું કે ખેડૂતોની માગ પ્રમાણે તેમાં રહેલી કેટલીક જોગવાઈમાં સુધારો થઈ શકે છે. તેમણે જણાવ્યું હતું કે, સરકાર દ્વારા પાસ કરવામાં આવેલા આ કાયદાથી ખેડૂતોને આઝાદી મળશે. અમે હંમેશા કહેતા આવ્યા છીએ કે ખેડૂતોને પોતાનો પાક તેઓ જ્યાં ઈચ્છે ત્યાં વેચવાનો હક હોવો જોઈએ. સ્વામિનાથન કમિશનના રિપોર્ટમાં પણ આ ભલામણ કરવામાં આવી હતી. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, ડીએમકે ચીફ એમ કે સ્ટાલિન, એનસીપી વડા શરદ પવાર, સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવ અને ડાબેરી મોરચાના સિતારામ યેચુરી તથા ડી રાજા સહિત ઘણી રાજકિય પાર્ટીઓએ ખેડૂતોના બંધના એલાનનું સમર્થન કર્યું છે. એનડીએનો ભાગ રહેલી રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી પણ સમર્થનમાં જોડાઈ છે. જોકે, ત્રૃણમુલ કોંગ્રેસના એમપી સૌગાતા રોયે કહ્યું હતું કે, તેમની પાર્ટી ખેડૂતોની સાથે છે પરંતુ પશ્ચિમ બંગાળમાં ભારત બંધનું સમર્થન કરશે નહીં.

### મંજૂરી માગી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવ્યું કે, ક્લીનિકલ ટ્રાયલના ચાર ડેટામાં તે સામે આવ્યું કે, કોવિશીલ્ડ લક્ષણ વાળા દર્દીઓ અને ખાસ કરીને કોવિડ-૧૯ના ગંભીર દર્દીઓના મામલામાં ખુબ પ્રભાવશાળી છે. ચારમાંથી બે ટ્રાયલ ડેટા બ્રિટન જ્યારે જ્યારે એક-એક ભારત અને બ્રાઝીલથી સંબંધિત છે. મહત્વનું છે કે હાલમાં સીઆઈઆઈના સીઈઓ અદાર પૂનાવાલાએ કહ્યુ હતુ કે કોરોના વેક્સીન કોવિશીલ્ડ ટ્રાયલમાં ૯૦ ટકા અસરકારક સાબિત થઈ છે. જલદી બધા માટે ઉપલબ્ધ થશે. તેમણે તે પણ દાવો કર્યો કે, એસ્ટ્રાઝેનેકા સાથે ૧૦ કરોડ ડોઝની સમજુતી કરવામાં આવી છે. જાન્યુઆરી સુધી કોવિશીલ્ડના ઓછામાં ઓછા ૧૦૦ મિલિયન ડોઝ ઉપલબ્ધ જશે જ્યારે ફેબ્રુઆરીના અંત સુધી તેના બજારો મિલિયન ડોઝ તૈયાર કરી શકાય છે.

પૂનાવાલાએ કહ્યું છે કે કોરોના વેક્સીન કોવિશીલ્ડ પરીક્ષણમાં ૯૦ ટકા સુધી અસરદાર સાબિત થઈ છે. વેક્સીનને લઈ જે પ્રકારની જાણકારી સામે આવવા લાગી છે તેને જોયા બાદ અમે કહી શકીએ છીએ કે વેક્સીન જલ્દીથી લોકો સુધી ઉપલબ્ધ થઈ જશે. તેઓએ એવો પણ દાવો કર્યો હતો કે એસ્ટ્રાજેનેકાથી ૧૦ કરોડ ડોઝની સમજૂતી કરવામાં આવી છે.

### સુપ્રીમનો પ્રતિબંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુપ્રીમ કોર્ટે 'સેન્ટ્રલ વિસ્ટા' પ્રોજેક્ટના નિર્માણને લઈને સરકારના વિચારોની માહિતી આપવા માટે કેન્દ્રને ૫ મિનિટનો સમય આપ્યો છે. કોર્ટે કહ્યું કે કેન્દ્ર સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ માટે જરૂરી કાગળની કાર્યવાહી કરી શકે છે તથા શિલાન્યાસ કરવાના નક્કી સમારંભને આયોજિત કરી શકે છે.

કેન્દ્ર એ ન્યાયાલયને ભરોસો અપાવ્યો છે કે તે આ મામલા પર મુખ્ય અદાલતનો ચુકાદો આવવા સુધી વિસ્ટા પ્રોજેક્ટની ઈમારતને પાડવા કે નિર્માણનું કામ નહીં કરે. જો કે કોર્ટે કેન્દ્રને સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટના માટે આધારશીલા રાખવાનો કાર્યક્રમ આયોજિત કરવાની પરવાનગી આપી દીધી છે.